ગુરૂવાર, 20 નવેમ્બર, 2025 કારતક અમાસ

દૈનિક પલ્સ સાથે આગળ રહો.....

# દૈનિક પલ્સ

@dailypulsenews24 | www.dailypulse.org.in | 9909911175 | R.N.I.NO: GJGUJ/25/A1447

✸ મલિક, મુદ્રક, પ્રકાશક, તંત્રી : રાવલ પ્રકાશ જગદીશ ✸ ૧૧/૩ ૩જો માળ, સિદ્ધેશ્વર હોલમાર્ક, અજવા રોડ, વડોદરા-૩૯૦૦૧૯ ✸ દૈનિક સોશિયલ આવૃત્તિ ✸

## સ્વચ્છતા અભિયાનના લીરેલીરા: ગંદકીથી ખદબદતા તળાવમાં શાકભાજી ધોવાની પ્રથા યથાવત

વડોદરાવાસીઓ સાવધાન! શું તમારા ભોજનની થાળીમાં પીરસાઈ રહ્યું છે અજાણ્યું ઝેર? આજે જે દ્રશ્યો અમે તમને બતાવવા જઈ રહ્યા છીએ, તે જોઈને તમે શાકભાજી ખાતા પહેલા સો વાર વિચારશો.

વડોદરાના છાણી વિસ્તારમાં પમ્પિંગ સ્ટેશન પાસે આવેલા એક અત્યંત પ્રદૂષિત તળાવમાં માનવ સ્વાસ્થ્ય સાથે ખુલ્લેઆમ ચેડાં થઈ રહ્યા છે. ગટરના પાણી, લીલ અને કચરાથી ખદબદતા આ તળાવમાં શાકભાજીને 'તાજી' અને 'લીલીછમ' બતાવવા માટે ધોવામાં આવે છે. આ એ જ પાણી છે જેની દુર્ગંધથી ત્યાં ઊભા રહેવું પણ મુશ્કેલ છે, છતાં અહીં ધોવાયેલી શાકભાજી સીધી તમારા રસોડા સુધી પહોંચે છે.

આ માત્ર ગંદકી નથી, પણ ટાઈફોઈડ, કોલેરા અને ડાયેરિયા જેવા જીવલેણ રોગચાળાનું મૂળ છે. દુર્ભાગ્યવશ, સસ્તી શાકભાજીની લાલચમાં સ્થાનિક લોકો પણ આ જોખમ જાણી જોઈને સ્વીકારી રહ્યા છે. સવાલ એ થાય છે કે, શું સરકારના મોટા-મોટા 'સ્વચ્છતા અભિયાન' માત્ર હોર્ડિંગ્સ પૂરતા જ સીમિત છે? શહેરની મધ્યમાં ચાલતા આ જોખમી કૃત્યથી શું પાલિકાનું તંત્ર અજાણ છે કે પછી જાણીજોઈને આંખ આડા કાન કરી રહ્યું છે? જો શહેરમાં કોઈ મોટો રોગચાળો ફાટી નીકળશે, તો તેની જવાબદારી કોની રહેશે? આ સવાલનો જવાબ હવે સત્તાધીશોએ આપવો જ પડશે."



**વડોદરા: છાણીના ગંદા પાણીમાં શાકભાજી ધોતા વેપારીઓ, રોગચાળાનું જોખમ**

## સાવલીમાં ઝેરોક્ષ દુકાન પાસે પતિનો ચપ્પુથી હુમલો

સાવલી પોલીસ સ્ટેશન હદમાં આવેલા સેવાસદન વિસ્તાર પાસે લતાબેન સુરેશભાઇ વસાવા પર તેમના પતિ સુરેશભાઈ રાવજીભાઇ વસાવાએ ચપ્પુ વડે હુમલો કર્યો હોવાની ગંભીર ઘટના સામે આવી છે. માહિતી મુજબ લતાબેન ઝેરોક્ષ કાઢાવી ઘરે જઈ રહી હતી ત્યારે પતિ અચાનક સ્થળ પર પહોંચ્યો અને તીવ્ર ગુસ્સામાં આવી ચપ્પુથી પ્રહાર કર્યો. લતાબેનને બચાવવા વચ્ચે પડનાર સાહેદ સંતોષભાઇને પણ ઇજા પહોંચી હતી. આરોપીએ બંનેને જાનેથી મારી નાખવાની ધમકી આપતા ઘટનાસ્થળે દહેશત ફેલાઈ હતી. હુમલામાં ઘાયલ થયેલા બંનેને સારવાર માટે ખસેડવામાં આવ્યા છે. કુટુંબીય મતભેદને લઈ બનેલી આ હિંસક ઘટના ફરીથી ઘરેલુ કલહ અને હિંસા સામે ચિંતાનો પ્રશ્ન ઊભો કરે છે, ખાસ કરીને જાહેર સ્થળે વધતા હુમલાઓને ધ્યાનમાં રાખીને સુરક્ષા અંગે વધુ પ્રયત્નોની જરૂરિયાત જણાઈ રહી છે.

## પાંચદેવલા પાસે ઈક્કો ગાડીના અકસ્માતમાં યુવાનનું મોત

જરોદ પોલીસ સ્ટેશન હદમાં પાંચદેવલા ગામની સીમ નજીક ગંભીર માર્ગ અકસ્માતમાં 17 વર્ષીય ઈન્દ્રજીતસિંહ ભુપેન્દ્રસિંહ ગોહિલનું મોત નીપજ્યું છે. ફરિયાદી યુવરાજસિંહ વિક્રમસિંહ ગોહિલ દ્વારા આપવામાં આવેલી માહિતી મુજબ GJ-06-PA-1066 નંબરની ઈક્કો ગાડીના ચાલકે આગળ જઈ રહેલા ટ્રેક્ટરને પાછળથી જોરદાર ટક્કર મારી હતી. અચાનક થયેલી આ ટક્કરમાં ઈન્દ્રજીતસિંહ ગંભીર રીતે ઘાયલ થયા હતા. ઘટનાસ્થળેથી તરત જ સારવાર માટે ખસેડ્યા છતાં ઈન્દ્રજીતસિંહને બચાવી શકાયા નહોતાં. અકસ્માતમાં અન્ય લોકોને પણ ઈજા થઈ હોવાનું જણાય છે. સ્થાનિક લોકોનું કહેવું છે કે હાઈવે અને ગ્રામ્ય માર્ગો પર બેદરકાર ઝડપે વાહન ચલાવવાને કારણે આવા બનાવોમાં સતત વધારો થઈ રહ્યો છે. યુવાનના અકાળ મૃત્યુથી વિસ્તારમાં શોકનો માહોલ છે, જ્યારે માર્ગ સલામતી અંગે ફરીથી ચર્ચા જાગી છે.

## જિલ્લામાં ટ્રાફિક ઉલ્લંઘન અને જાહેરનામા ભંગના અનેક કેસ

જિલ્લાના વિવિધ વિસ્તારોમાં ટ્રાફિક નિયમો અને જાહેરનામાના ઉલ્લંઘનના અનેક બનાવો સામે આવ્યા છે. ડેસર વિસ્તારમાં બોલેરો પીકપ ચાલકે ગફલતભરી ડ્રાઇવિંગ કર્યાનો કેસ નોંધાયો છે. ચાણોદમાં ઈક્કો ગાડી માર્ગ પર અડચણરૂપ ઉભી રાખવામાં આવી હતી, જ્યારે વડુ ગામમાં સીએનજી રીક્ષા અને ટાટા 407 ટેમ્પો અડચણરૂપ ઉભા રાખવાના બે અલગ બનાવ નોંધાયા છે.

મંજુસર વિસ્તારમાં બુલેટ બાઈક પર બેદરકારીભર્યો સ્ટંટ કરાયો હતો. સાથે જ 'રાધે કૃષ્ણા હોટલ' અને 'દશામા હોટલ' દ્વારા CCTV કેમેરા ન લગાવવાના જાહેરનામા ભંગના ગુના નોંધાયા છે. પાદરામાં ટ્રાફિકને અડચણરૂપ ઉભાં રહેલા વાહનો અંગે ત્રણ કેસ અને રીક્ષા પુરઝડપે હંકારવાના એક બનાવનો સમાવેશ થાય છે. વડોદરા તાલુકામાં 'મોરલીવાળા પાન પાર્લર' અને 'શ્રી કૃષ્ણ ફરસાણ' બંને સ્થળે CCTV ન હોવાની ફરિયાદ નોંધાઈ છે. ઉપરાંત વિવંતા કન્સ્ટ્રક્શન સાઇટ પર મજૂરોની નિયમ મુજબ નોંધણી ન કરાવવાના કારણે ગુનો નોંધાયો છે. ભીમપુરા નજીક રીક્ષાઓ અડચણરૂપ ઉભી રાખવા તથા બેદરકારીપૂર્વક હાંકવાના કુલ ચાર બનાવો સામે આવ્યા છે.

વરણામાના પોર ગામમાં 'શ્રીજી જ્વેલર્સ' અને 'શ્રી સાડી' દુકાનોમાં CCTV નિયમ મુજબ ન હોવાથી કાર્યવાહી કરવામાં આવી છે. ડભોઇ વિસ્તારમાં આઈસર ટ્રક અને રીક્ષાઓ અડચણરૂપ ઉભી રાખવાના ત્રણ જુદા કેસ નોંધાયા છે. જરોદમાં છોટા હાથી ટેમ્પોમાં પાઈપો ભરી જોખમી રીતે વાહન ચલાવાયું હતું, જ્યારે શિનોરમાં બાઈક અડચણરૂપ ઉભી રાખવાનો કેસ સામે આવ્યો છે.

## ઓનલાઇન ટાસ્કના બહાને મોટી રકમની છેતરપિંડી

પાદરાના કોઠી ફળીયાના ચિંગારી યોગેશભાઇ પટેલને અજાણ્યા વ્યક્તિએ ઑનલાઇન ટાસ્ક દ્વારા સરળ કમાણીનું લાલચ આપ્યું હતું. શરૂઆતમાં નાનાં ટાસ્ક પૂરાં કરાવી વિશ્વાસ જીત્યા પછી વધુ નફો મળશે એવી વાત કહી સતત નવા ટ્રાન્ઝેક્શન કરવા દબાણ કર્યું. ફરિયાદીએ વિશ્વાસમાં આવી જુદા જુદા બેંક ખાતાઓમાં રકમ મોકલવાનું ચાલુ રાખ્યું અને સમય દરમિયાન રૂ. 4,58,915 જેટલી રકમ ટ્રાન્સફર થઈ ગઈ. બાદમાં કોઈ રિટર્ન ન મળતાં તેમજ તમામ સંપર્ક બંધ થતાં છેતરપિંડીનો ખુલાસો થયો. વધતા ઑનલાઇન ટાસ્ક ફ્રોડ વચ્ચે નિષ્ણાતો અજાણ્યા લિંક્સ, વચનો અને અતિ આકર્ષક ઑફરો સામે સાવચેતી જરૂરી હોવાનું કહી રહ્યા છે.

## ઇન્ડસઇન્ડ બેંકના નકલી લોગોથી મોબાઈલ હેકિંગની છેતરપિંડી

મંજુસર વિસ્તારમાં રહેતા જીતેન્દ્રભાઇ વલ્લભભાઇ પટેલને વોટ્સએપ પર ઇન્ડસઇન્ડ બેંકનો લોગો ધરાવતી શંકાસ્પદ લિંક મોકલવામાં આવી હતી. ખાતાની વિગતો અપડેટ કરવા જેવા બહાનેથી મોકલાયેલી આ લિંક ક્લિક કરતા તેમનો મોબાઈલ સંપૂર્ણ રીતે હેક થઈ ગયો. ત્યારબાદ અજાણી વ્યક્તિએ ફરિયાદીની જાણ બહાર તેમના તથા સાહેદ તરલીકાબેનના બેંક ખાતામાંથી કુલ રૂ. 3,01,500ની રકમ અલગ–અલગ ટ્રાન્ઝેક્શન દ્વારા કરી હતી. 10 ફેબ્રુઆરી 2025ના રોજ બનેલી આ છેતરપિંડીમાં ડિજિટલ ફ્રોડના વધતા કેસોને ધ્યાનમાં રાખીને નકલી લિંક અને બેંક સંબંધિત મેસેજથી સાવચેત રહેવાની અપીલ કરવામાં આવી છે.

## ખેડૂતો ધ્યાન આપે: કૃષિ સહાયના ફોર્મ ભરવા મફત

ખેડૂત મિત્રો માટે રાહતના સમાચાર. શું તમારી પાસે કૃષિ સહાયનું ફોર્મ ભરવા માટે પૈસા માંગવામાં આવી રહ્યા છે? તો સાવધાન થઈ જજો. રાજ્ય સરકારે સ્પષ્ટતા કરી છે કે સહાયના ફોર્મ ભરવાની પ્રક્રિયા સંપૂર્ણપણે મફત છે.

તાજેતરમાં વચેટિયાઓ દ્વારા ઉઘરાણી થતી હોવાની ફરિયાદો ઉઠતા વિકાસ કમિશનરે તાત્કાલિક પરિપત્ર જાહેર કર્યો છે. જેમાં સ્પષ્ટ આદેશ છે કે કોઈ પણ ઓપરેટર ખેડૂત પાસેથી એક પણ રૂપિયો લઈ શકશે નહીં. જો કોઈ તમારી પાસે પૈસા માંગે, તો તુરંત અધિકારીને જાણ કરો. યાદ રાખજો, આ સરકારી સેવા તદ્દન નિઃશુલ્ક છે."

## ભાવનગર: 29 લાખના વાહન ચોરી કેસમાં આરોપી ઝડપાયો



ભાવનગર: મનપાના 29 લાખના વાહનો ચોરી જનાર મુખ્ય સૂત્રધાર બે મહિના બાદ ઝડપાયો "ભાવનગર નિલમબાગ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલ વાહન ચોરીના હાઈ-પ્રોફાઈલ કેસમાં પોલીસને સફળતા હાથ લાગી છે. આશરે બે મહિના પહેલા ભાવનગર મહાનગરપાલિકાના કચરા એકત્ર કરવાના રૂ. 29 લાખના ત્રણ 'ટેમ્પલ બેલ' વાહનોની ચોરી થઈ હતી. આ ગુનામાં સંડોવાયેલ આરોપી દેવીસિંગ દીતમલ ડાંગી (રહે. મધ્યપ્રદેશ) પોલીસ ધરપકડથી બચવા નાસતો ફરતો હતો. નિલમબાગ પોલીસને બાતમી મળી હતી કે આરોપી હાલ સુરેન્દ્રનગરના ધ્રાંગધ્રા વિસ્તારમાં છે. જેના આધારે પોલીસે વોચ ગોઠવી તેને ઝડપી પાડ્યો હતો. ઉલ્લેખનીય છે કે, આ કેસમાં પોલીસે અગાઉ જ ચોરાયેલા વાહનો કબજે કરી લીધા હતા. આરોપી વ્યવસાયે ડ્રાઈવર છે અને તેણે મનપાના વાહનો ઉઠાવીને બારોબાર સગેવગે કરવાનો પ્રયાસ કર્યો હતો. હાલ પોલીસે તેની અટકાયત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે

સમાચાર અને જાહેરાત માટે સંપર્ક કરો ૯૯૦૯૯૧૧૧૭૫

## મણિનગર સ્ટેશન પર યુવકની આત્મહત્યાથી હંગામો

અમદાવાદના વસ્ત્રાલ વિસ્તારમાં રહેતા કિરીટ પંચાલે મણિનગર રેલવે સ્ટેશન પર ટ્રેન નીચે કુદી આત્મહત્યા કર્યાનો દુ:ખદ બનાવ સામે આવ્યો છે. 18 નવેમ્બરે સાંજે બનેલી આ ઘટનામાં કિરીટના કબજામાંથી એક સુસાઇડ નોટ મળી આવી છે, જેમાં તેમણે પોતાની નોકરીની જગ્યાએ મળતા માનસિક અને શારીરિક ત્રાસને મોતનું કારણ ગણાવ્યું છે. નોટમાં બે વ્યક્તિઓ—રશ્મિત સિંહ અને હાર્દિક પટેલ—દ્વારા પૈસાની માંગણી, દબાણ અને ઓફિસમાં પટ્ટાથી માર મારવામાં આવ્યો હોવાનું લખાયું છે.

કિરીટે પોતાની પત્નીને ન્યાય અપાવવા વિનંતી પણ કરી છે. પરિવારજનોએ મૃતદેહ સ્વીકારવાનું નકારી દીધું છે અને દોષીઓને કડક સજા કરવાની માંગ કરી છે. પરિવારનો આક્ષેપ છે કે આત્મહત્યાની માહિતી બાદ પણ તેમને ધમકીઓ મળતી રહી છે. સુસાઇડ નોટને FSL મોકલવાની પ્રક્રિયા શરૂ થઈ છે અને આગળની તપાસ ચાલુ છે.

## ડિસ્કવરી સ્કૂલના બાળકોની રાજ્ય કક્ષે તૈયારી

વડોદરા જિલ્લાના પાદરા વિસ્તારમાં આવેલી ડિસ્કવરી ઇન્ટરનેશનલ સ્કૂલના વિદ્યાર્થીઓએ મહાકુંભ 2025 અંતર્ગત યોજાયેલી સ્કેટિંગ સ્પર્ધામાં ઉત્તમ પ્રદર્શન કરીને સ્કૂલનું નામ રોશન કર્યું છે. મોટા ફોફળિયા ખાતે યોજાયેલી આ જિલ્લા સ્તરની સ્પર્ધામાં અંડર-11 કેટેગરીમાં વિદ્યાર્થીઓએ શ્રેષ્ઠ પ્રતિભા દર્શાવી હતી. મંત્ર નિકુંજભાઈ પટેલે અંડર-11 સ્કેટિંગ ઇવેન્ટમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું હતું, જ્યારે પાર્થ ગૌરાંગભાઈ પટેલે દ્વિતીય ક્રમાંક મેળવી પોતાની ક્ષમતાને સાબિત કરી હતી. બંને વિદ્યાર્થીઓના સફળ પ્રદર્શનથી સ્કૂલમાં આનંદનું મોજું ફરી વળ્યું હતું.

સ્પર્ધામાં મળેલા સફળતાને અનુસંધાને સ્કૂલ પ્રાંગણમાં બંને વિદ્યાર્થીઓનું સ્વાગત અને અભિનંદન કરવામાં આવ્યું હતું. સ્કૂલ મેનેજમેન્ટે જણાવ્યું હતું કે આ સિદ્ધિ વિદ્યાર્થીઓની મહેનત, શિસ્ત અને તાલીમનો પ્રતિબિંબ છે. સાથે સાથે તેઓએ વિશ્વાસ વ્યક્ત કર્યો કે બંને વિદ્યાર્થીઓ આગામી રાજ્ય સ્તરની સ્કેટિંગ સ્પર્ધામાં પણ ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી સ્કૂલ અને પાદરાનું ગૌરવ વધારશે. વિદ્યાર્થીઓની આ સિદ્ધિએ સ્થાનિકોમાં પ્રશંસા મેળવી છે અને રમતગમત ક્ષેત્રમાં યુવાઓને વધુ પ્રોત્સાહન મળ્યું છે.




## મ્યુનિસિપલ કમિશનરના રીવ્યુમાં અધિકારીઓ પર નારાજગી

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની રીવ્યુ બેઠકમાં શહેરના પાર્કિંગ, મૂળભૂત સુવિધાઓ અને પ્રોજેક્ટ મેનેજમેન્ટ મુદ્દે કમિશનરે અધિકારીઓ સામે તીવ્ર નારાજગી વ્યક્ત કરી. પે-એન્ડ-પાર્કિંગ જગ્યાઓ અંગે ચોક્કસ ડેટા ન હોવા પર ઇ-ગવર્નન્સ વિભાગને કમિશનરે જણાવ્યું કે "અધિકારી નહીં, નાગરિક બની વિચારો." રાજ્ય સરકારના પ્રોજેક્ટના પ્રેઝન્ટેશનમાં અધૂરી માહિતી રજૂ થતાં પ્લાનિંગ અને ફાઇનાન્સ વિભાગના DYMC પર પણ સવાલ ઉઠાવાયા. પૂર્વ વિસ્તારમાં વધતા રોગચાળાને લઈને આરોગ્ય વિભાગને વધુ જવાબદારી લેવાની સૂચના આપવામાં આવી.

ફાયર NOC અને BU વગર ચાલી રહેલી હોસ્પિટલો સામે સંયુક્ત કાર્યવાહી કરવા તેમજ નવા ફાયર સ્ટેશનો માટે પ્લોટ ફાળવણી ઝડપી કરવાની સૂચના આપવામાં આવી. ઓછા ટ્રાફિકવાળા વિસ્તારોમાં દિવસ દરમિયાન રોડ વર્ક કરવાની સલાહ પણ આપવામાં આવી.

## ખેડૂત વેદના: કૃષિ સહાય લેવા વેરો ભરવાની શરત સામે આક્રોશ



ગુજરાતમાં ખેડૂતોની આર્થિક સ્થિતિ સતત દયનીય બને છે ત્યારે સહાય મેળવવાની પ્રક્રિયા પોતે જ નવા બોજરૂપ બની રહી છે. તાજેતરમાં વાયરલ થયેલા એક વીડિયોમાં હની પટેલે ખેડૂતોને પડતી વેરાની ઉઘરાણી અને સહાય મેળવવા લગાડવામાં આવતી શરતો સામે આક્રોશ વ્યક્ત કર્યો છે. તેમણે જણાવ્યું કે સરકાર દ્વારા કૃષિ સહાય પેકેજોની જાહેરાત તો કરવામાં આવે છે, પરંતુ વાસ્તવિક સ્તરે ગ્રામ પંચાયતના બાકી વેરા અને વિવિધ નાની–મોટી ફી ભરવી જરૂરી બનાવવામાં આવી રહી છે.

હની પટેલે કહ્યું કે કુદરતી આફતોમાં પાક બરબાદ થયા પછી ખેડૂત પોતાનું ઘર ચલાવવા સંઘર્ષ કરી રહ્યો હોય, ત્યારે તેની પાસે વધારાની વસૂલાત કરવી "મુશ્કેલીમાં મદદ નહીં, પરંતુ દબાણ" સમાન છે. તેમણે સવાલ કર્યો કે ફોર્મ ભરવાના ચાર્જ, પેનના ખર્ચ અથવા અન્ય નાની ફીનો ભાર હંમેશા ખેડૂત જ શા માટે વહન કરે? આ પ્રક્રિયા ખેડૂતોને સહાયથી દૂર કરે છે, જ્યારે સહાયનો મુખ્ય હેતુ તેમને સંકટમાંથી બહાર લાવવાનો હોય છે.વિડિયોમાં હની પટેલે વધુમાં કહ્યું કે અન્નદાતાની હાલત સમજવા માટે તંત્ર અને સમાજ બંનેને જાગવું પડશે. ખેડૂતોની મહેનતથી જ દેશનું પેટ ભરાય છે, છતાં સૌથી વધુ હેરાનગતિ તેઓ જ ભોગવે છે. આ મુદ્દે ગ્રામ્ય વિસ્તારોમાં ચર્ચા જાગી છે અને સહાય પ્રણાલીમાં સુધારાની માંગ ઉઠી રહી છે.

## હરણી રોડ પર ચાલતા દંપતીની ચેઇન સ્નેચીંગ

વડોદરા શહેરના હરણી રોડ નજીક ચેઇન સ્નેચીંગનો બનાવ સામે આવ્યો છે. નાગેશ્વર સોસાયટીમાં રહેતા 63 વર્ષના કૃષ્ણકાંત શાહ 18 નવેમ્બર 2025ની રાત્રે પત્ની સાથે ચાલી રહ્યા હતા ત્યારે મોટરસાઈકલ પર આવેલા બે અજાણ્યા ઈસમો નજીક આવ્યા. પાછળ બેસેલા ઈસમે શાહજીના ગળામાં પહેરેલી તુલસીના મણકાવાળી આશરે એક તોલાની સોનાની ચેઇન, કિંમત લગભગ રૂ. 40,000, ઝુમવી લીધી અને બંને ઝડપથી ભાગી છૂટ્યા. બનાવ બાદ વિસ્તારમાં ચિંતા ફેલાઈ છે. તપાસ કાર્યવાહી ચાલુ છે.

## વડોદરામાં દારૂ જપ્તી અને ૧૩ ઈસમોની અટકાયત

વડોદરા શહેરમાં 18 નવેમ્બર 2025ના રોજ અલગ–અલગ વિસ્તારોમાંથી દારૂબંધીના કુલ 19 કેસ સામે આવ્યા છે. કાર્યવાહી દરમિયાન દેશી દારૂ 113 લીટર, વોશ 400 લીટર, તેમજ 93 ઈંગ્લીશ દારૂની બોટલો મળીને મોટો જથ્થો કબ્જે કરવામાં આવ્યો. ઉપરાંત 2 મોબાઈલ ફોન અને 1 ફોર વ્હીલર કાર પણ જપ્ત કરાઈ. કબ્જે કરાયેલા મુદ્દામાલની કુલ કિંમત અંદાજે રૂ. 2,47,260 જેટલી થાય છે. વિવિધ સ્થળોએ મળીને 8 નશામાં આવેલા લોકો સહિત કુલ 13 ઈસમોની અટકાયત થઈ છે.


## વોટ્સએપ મારફતે ક્રેડિટ કાર્ડની આડમાં છેતરપિંડી

વડોદરા શહેરમાં સાઇબર છેતરપિંડીનો નવો કેસ સામે આવ્યો છે. આજવા રોડના ઓમનગર વિસ્તારમાં રહેતા મીતેશકુમાર શાહનો 8 મેથી 24 મે 2025 વચ્ચે વોટ્સએપ નંબર +91 8745880365 અને +91 1600313368 પરથી સંપર્ક કરવામાં આવ્યો હતો. આરોપીઓએ ક્રેડિટ કાર્ડ અપાવવાના બહાને વિશ્વાસમાં લઈ ઓનલાઈન ઈલેક્ટ્રોનિક માધ્યમનો ઉપયોગ કરી છેતરપિંડી કરી હતી. ફરિયાદીની વિગતો મેળવી નાણાકીય નુકસાન પહોંચાડવાનો પ્રયાસ કરાયો હોવાની માહિતી સામે આવી છે. આ કેસ 18 નવેમ્બર 2025ની રાત્રે BNS અને IT Act હેઠળ નોંધાયો છે. તપાસ ચાલુ છે.

## વિદ્યાનગરમાં તબીબ પત્નીનો આપઘાત: પતિ-સાસરિયાના ત્રાસથી અંતિમ પગલું

આણંદ: વિદ્યાનગરમાં એક હચમચાવી દેતી ઘટના સામે આવી છે, જ્યાં ઉચ્ચ શિક્ષિત ગણાતા તબીબ પરિવારની ક્રૂરતાનો ભોગ બનીને એક પરિણીતાએ પોતાની જીવાદોરી ટૂંકાવી લીધી છે. નાના બજાર વિસ્તારમાં રહેતા ડો. રવિ કાતરીયાની પત્ની કાજલે સોમવારે રાત્રે ગળેફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો.

ઘટનાની વિગત એવી છે કે, સુરતના હિતેશભાઈ કલસરીયાની બહેન કાજલના લગ્ન ૨૦૨૩માં આણંદમાં પ્રેક્ટિસ કરતા ડો. રવિ સાથે થયા હતા. શરૂઆતમાં રવિ આણંદમાં એકલો રહેતો હતો, જ્યારે કાજલ સાસુ-સસરા સાથે સુરત રહેતી હતી. ત્યાં ઘરકામ બાબતે અવારનવાર ઠપકો મળતા તે કંટાળીને પતિ સાથે રહેવા આણંદ આવી હતી. જોકે, અહીં પણ તેની પીડા ઓછી ન થઈ; પતિ રવિ પણ તેના પર અત્યાચાર ગુજારતો અને વિકૃતિની હદ વટાવીને માતા-પિતાને વિડિયો કોલ કરી પત્નીને માર મારતો હતો. બીજી તરફ, સાસુ-સસરા દ્વારા સંતાન પ્રાપ્તિ મુદ્દે સતત મ્હેણાંટોણા મારવામાં આવતા હતા. ક્રૂરતાની પરાકાષ્ઠા ત્યારે આવી જ્યારે દિવાળી દરમિયાન સાસરિયાઓએ તેનું બળજબરીપૂર્વક ગર્ભપાત કરાવી દીધું હતું. આ ઘટનાથી માનસિક રીતે ભાંગી પડેલી કાજલે આખરે સાઈ એપાર્ટમેન્ટમાં દુપટ્ટા વડે ગળેફાંસો ખાઈ લીધો હતો. મૃતકના ભાઈની ફરિયાદના આધારે પોલીસે જવાબદારો સામે કાર્યવાહી હાથ ધરી છે.




## માંજલપુરમાં નકલી અધિકારીઓએ યુવાનને ભયભીત કરી ખંડણી પડાવી

વડોદરા શહેરના માંજલપુર વિસ્તારમાં એક ચોંકાવનારી ખંડણી અને અપહરણ જેવી ગંભીર બનાવની વિગતો સામે આવી છે. ભરૂચના મદીના પાર્કમાં રહેતા 30 વર્ષીય અફાન ઉસ્માનભાઈ કાની 12 નવેમ્બર 2025ના રોજ બપોરે મકરપુરા રોડ પર તેમની સ્ત્રી મિત્ર સાથે હતા ત્યારે સફેદ GJ-18 પાસિંગ સ્કોર્પિયો તેમણે રોકી હતી. ગાડીમાં બેઠેલા ઈસમોએ પોતાને અમદાવાદ SOGના અધિકારીઓ તરીકે ઓળખાવ્યા અને પોતાના નામ યાજ્ઞિક સાહેબ અને આફતાબ પઠાણ તરીકે જણાવ્યું હતું.

આરોપીઓએ દંપતીને દબાણમાં લઈને ગાડીમાં બેસાડ્યા અને અમદાવાદના CTM રોડ તરફ લઈ ગયા. દરમ્યાન તેમને ખોટા કેસમાં ફસાવવાની, શારીરિક ત્રાસ આપવાની અને "ઉંધા લટકાવી મારવાની" ધમકી આપી હતી. શરૂઆતમાં 50 લાખની માંગણી કરી, પરંતુ અંતે 4.5 લાખ રૂપિયા લેવા માટે તૈયારી દર્શાવી. ફરિયાદીના ભાઈએ ભરૂચથી આવી આ રકમ આપી હતી તેમ જણાવાયું છે.

ઘટનાએ શહેરમાં સુરક્ષા મુદ્દે ચર્ચા જગાવી છે અને નકલી અધિકારીઓ દ્વારા લોકો સાથે છેતરપિંડીના બનાવો અંગે ચિંતાઓ ઊભી થઈ છે.

સમાચાર અને જાહેરાત માટે સંપર્ક કરો ૯૯૦૯૯૧૧૧૭૫

## ગુજરાત યુનિવર્સિટીમાં પાણી પ્રશ્ને NSUIનો ઉગ્ર વિરોધ

અમદાવાદ: ગુજરાત યુનિવર્સિટી ફરી એકવાર વિવાદનું કેન્દ્ર બની છે. હોસ્ટેલમાં રાત્રે પાણી ન મળતું હોવાની ગંભીર સમસ્યાને લઈ NSUIએ આજે કેમ્પસ ગજવી મૂક્યું હતું. 'પાણી આપો'ના નારા સાથે કાર્યકરોએ કુલપતિની ઓફિસમાં ઘસી જઈને ટેબલ પર ખાલી માટલા મૂકી ઉગ્ર વિરોધ નોંધાવ્યો હતો. કુલપતિ નીરજા ગુપ્તાએ પાણીની સમસ્યાના કાયમી ઉકેલ માટે બે મહિનાનો સમય માંગતા વિદ્યાર્થીઓનો પિત્તો ગયો હતો. રોષે ભરાયેલા વિદ્યાર્થીઓએ ઓફિસમાં જ હલ્લાબોલ કરતા પરિસ્થિતિ તંગ બની હતી, જેથી પોલીસ બોલાવવી પડી હતી. પોલીસે વિરોધ કરી રહેલા કાર્યકરોને ટીંગાટોળી કરી બહાર કાઢ્યા હતા. NSUI નેતા વિક્રમસિંહ ગોહિલે ચીમકી ઉચ્ચારી છે કે જ્યાં સુધી ૨૪ કલાક પાણી નહીં મળે ત્યાં સુધી આંદોલન ચાલુ રહેશે. બીજી તરફ કુલપતિએ નવી ટાંકીની મંજૂરી મળી હોવાથી ટૂંક સમયમાં સમસ્યા ઉકેલવાનો દાવો કર્યો છે.

## ખંભાત: આશા વર્કરોને ધર્માંતરણનું દબાણ કરતા કર્મચારીની બદલી

આણંદ: નડિયાદ બાદ હવે આણંદ જિલ્લામાં ધર્માંતરણનો વિવાદ સામે આવ્યો છે. ખંભાત તાલુકાના બામણવા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં (PHC) ફરજ બજાવતા એક મહિલા કર્મચારી દ્વારા પોતાના જ હાથ નીચે કામ કરતી આશા વર્કર બહેનોને ધર્મ બદલવા મજબૂર કરવામાં આવતી હોવાની ચોંકાવનારી વિગતો પ્રકાશમાં આવી છે. આરોગ્ય કેન્દ્રમાં ફિમેલ હેલ્થ વર્કર (FHW) તરીકે ફરજ બજાવતા નમ્રતા મેકવાન સામે ગંભીર આક્ષેપો થયા છે. આશા વર્કર બહેનોનો આરોપ છે કે, નમ્રતાબેન ઓફિસમાં કામના સમયે લેપટોપ પર ખ્રિસ્તી ધર્મના પ્રચારાત્મક વીડિયો બતાવતા હતા. હદ તો ત્યારે થઈ જ્યારે 'સરકારી મીટિંગ'ના બહાને બહેનોને વડોદરા લઈ જવામાં આવી, જ્યાં વાસ્તવમાં ધાર્મિક સભા હતી અને ત્યાં તેમને ધર્મ પરિવર્તન માટે દબાણ કરાયું. જ્યારે આશા વર્કરોએ ધર્મ બદલવાનો ઈનકાર કર્યો, ત્યારે તેમને હેરાનગતિનો સામનો કરવો પડ્યો. તેમના પગાર બીલ અટકાવી દેવાયા અને દેવી-દેવતાઓ વિશે અપમાનજનક ટિપ્પણીઓ કરવામાં આવી. આખરે કંટાળીને બહેનોએ જિલ્લા સ્તરે રજૂઆત કરી હતી. જિલ્લા આરોગ્ય વિભાગે બાબતની ગંભીરતા સમજી તાત્કાલિક તપાસ સમિતિ રચી હતી. અધિક જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. પૂર્વીબેન નાયરે જણાવ્યું હતું કે તપાસમાં તથ્ય જણાતા નમ્રતા મેકવાનની તાત્કાલિક અસરથી ભાલેજ ખાતે બદલી કરી દેવામાં આવી છે. આ કાર્યવાહીથી પીડિત બહેનોએ રાહત અનુભવી છે.




## અમદાવાદમાં ૫૦ લાખની લૂંટનો પ્લાન નિષ્ફળ: ૪ ઝડપાયા



મહેસાણા: મહેસાણા લોકલ ક્રાઈમ બ્રાન્ચે ફિલ્મી ઢબે રચાતા એક મોટા લૂંટના કાવતરાનો પર્દાફાશ કર્યો છે. અમદાવાદના કાલુપુર રેલવે સ્ટેશન પર આંગડિયા પેઢીના કર્મચારી પાસેથી ૫૦ લાખ રૂપિયા લૂંટવાનો ખતરનાક પ્લાન બનાવનાર ગેંગના ચાર સાગરીતોને પોલીસે હથિયારો સાથે ઝડપી પાડ્યા છે. પોલીસને મળેલી બાતમીના આધારે ભાન્ડુ ગામના ગેટ નજીક વોચ ગોઠવવામાં આવી હતી જ્યાં શંકાસ્પદ હાલતમાં ઉભેલા ચાર શખ્સોને કોર્ડન કરી ઝડપી લેવાયા હતા. તેમની પાસેથી ચોરીની બાઈક અને બે દેશી પિસ્તોલ તથા ૯ જીવતા કારતૂસ મળી આવ્યા છે. પૂછપરછમાં ચોંકાવનારી વિગતો સામે આવી છે કે, આ ટોળકી સુરતથી અમદાવાદ આવતા આંગડિયા કર્મીની રેકી કરી ચૂકી હતી. તેમનો પ્લાન વહેલી સવારે સ્ટેશન બહાર નીકળતા કર્મીની ગાડી આંતરી, ફાયરિંગ કરી રૂપિયા લૂંટવાનો હતો. આ ગુનામાં સંડોવાયેલા કુલ આઠ આરોપીઓ પૈકી ચાર પકડાયા છે, જેમાં રાજસ્થાનના કુખ્યાત ગુનેગારોનો પણ સમાવેશ થાય છે. મુખ્ય સૂત્રધાર ગણપત ઠાકુરે લૂંટ માટે રાજસ્થાનથી માણસો અને હથિયારો મંગાવ્યા હતા. પકડાયેલ એક આરોપી રાધેશ્યામ બાવરી સામે રાજસ્થાનમાં અગાઉ ૯ ગંભીર ગુનાઓ નોંધાયેલા છે. પોલીસે ફરાર અન્ય ચાર આરોપીઓને પકડવા ચક્રો ગતિમાન કર્યા છે.

## કરજણ: સતીશ નિશાળિયાનું વિરોધીઓને મગફળી-બદામ વાળું નિવેદન

વડોદરા: જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી પૂર્વે રાજકીય માહોલ ગરમાયો છે. કરજણના પૂર્વ ધારાસભ્ય અને ભાજપ નેતા સતીશ નિશાળિયાએ સ્નેહમિલન સમારોહમાં વિરોધીઓ પર આકરા પ્રહારો કર્યા છે. તેમણે સ્ટેજ પરથી હુંકાર કરતા કહ્યું કે, "મગફળીના દાણા જેવા ગમે ત્યારે ખોવાઈ જશે, પણ આ ઓરિજનલ બદામ તો રહેવાની જ છે." સત્તા ન હોવા છતાં પોતાની તાકાતનું પ્રદર્શન કરતા તેમણે સ્પષ્ટ કર્યું કે તેઓ ભાજપના પાયાના કાર્યકર છે અને પક્ષ છોડીને ક્યાંય જવાના નથી. તેમનું આ નિવેદન હાલ રાજકીય વર્તુળોમાં ચર્ચાનો વિષય બન્યું છે.

## કૃષિ સહાય પેકેજ: ફોર્મ ભરવાની પ્રક્રિયા સંપૂર્ણ નિઃશુલ્ક

ગાંધીનગર: રાજ્યના ખેડૂતો માટે કૃષિ સહાય પેકેજને લઈ મહત્વના સમાચાર છે. સહાયના ફોર્મ ભરવા માટે પૈસા વસૂલવામાં આવતા હોવાની વ્યાપક ફરિયાદો ઉઠતા રાજ્ય સરકારે કડક વલણ અપનાવ્યું છે. વિકાસ કમિશનરે તાત્કાલિક પરિપત્ર જાહેર કરી સ્પષ્ટ કર્યું છે કે આ સમગ્ર પ્રક્રિયા સંપૂર્ણપણે નિઃશુલ્ક છે. ખેડૂતોએ ફોર્મ ભરવા માટે કોઈ ઓપરેટર કે મધ્યસ્થીને એક પણ રૂપિયો ચૂકવવાનો નથી. જો કોઈ પૈસા માંગે તો તંત્રને જાણ કરવા અનુરોધ કરાયો છે. સરકારે ખેડૂતોને ગેરમાર્ગે દોરતા તત્વોથી સાવધ રહેવા અપીલ કરી છે.

## વડોદરામાં ગેરકાયદે ઢોરવાડા સામે પાલિકાની લાલ આંખ

વડોદરા: શહેરમાં ગેરકાયદે ઢોરવાડા અને રખડતા પશુઓના ત્રાસ સામે મહાનગરપાલિકાએ કડક વલણ અપનાવ્યું છે. આજે સતત બીજા દિવસે પશ્ચિમ ઝોનમાં તંત્રે સપાટો બોલાવતા જવાહરનગર અને વૃંદાવનનગર વિસ્તારમાં ગેરકાયદે ખડકાયેલા ઢોરવાડાઓ સામે કાર્યવાહી હાથ ધરી હતી.ઢોર નિયંત્રણ શાખાના ઈન્ચાર્જ ડો. વિજય પંચાલના જણાવ્યા અનુસાર, લાયસન્સ અને ટેગિંગ વિનાના વાડાઓ સામે આ દંડનીય કાર્યવાહી કરાઈ છે. જેમાં ચાર પશુઓને જપ્ત કરી કસૂરવાર પશુપાલકો પાસેથી ૧૯ હજાર રૂપિયાનો દંડ વસૂલવામાં આવ્યો છે. નાગરિકોની સુરક્ષા માટે આ ઝુંબેશ આગામી દિવસોમાં પણ યથાવત રહેશે.

## બનાસકાંઠાના અમીરગઢ જંગલમાંથી ૧૦ શિકારીઓ રંગેહાથ ઝડપાયા

પાલનપુર: બનાસકાંઠાના અમીરગઢના ગાઢ જંગલોમાં વન વિભાગ અને પોલીસે સંયુક્ત ઓપરેશન હાથ ધરીને નીલગાયનો શિકાર કરતી એક કુખ્યાત ગેંગને ઝડપી પાડી છે. આ ઘટનાએ વન્યજીવ પ્રેમીઓમાં ભારે રોષ જગાવ્યો છે.

પ્રાપ્ત વિગતો મુજબ, ઈકબાલગઢ રેન્જના કપાસિયા રાઉન્ડમાં વન વિભાગની ટીમ પેટ્રોલિંગમાં હતી ત્યારે બંદૂકના ધડાકા સંભળાયા હતા. શિકારીઓ જંગલમાં હોવાની બાતમી મળતા જ વન વિભાગે પોલીસની મદદ લીધી હતી. બન્ને ટીમોએ દુર્ગમ જંગલ વિસ્તારમાં સતત ૧૬ કલાક સુધી સર્ચ ઓપરેશન ચલાવ્યું હતું. આખરે, જંગલની વચ્ચે આ શિકારી ગેંગ રંગેહાથ ઝડપાઈ ગઈ હતી.

જ્યારે ટીમ ઘટનાસ્થળે પહોંચી ત્યારે દ્રશ્ય ચોંકાવનારું હતું. શિકારીઓ એક નીલગાયનો શિકાર કરી ચૂક્યા હતા અને તેનું માંસ પ્લાસ્ટિકની થેલીઓમાં ભરી રહ્યા હતા. પોલીસે સ્થળ પરથી ૧૦ શિકારીઓની ધરપકડ કરી છે, જ્યારે ૪ શખ્સો અંધારાનો લાભ લઈ નાસી છૂટવામાં સફળ રહ્યા હતા. તપાસ દરમિયાન તેમની પાસેથી પાંચ બંદૂકો મળી આવી હતી, જેમાંથી ચાર લાઈસન્સ વગરની હોવાનું સામે આવ્યું છે. આરએફઓ શક્તિસિંહ પરમારે જણાવ્યું હતું કે, તમામ આરોપીઓ વિરુદ્ધ વાઈલ્ડલાઈફ પ્રોટેક્શન એક્ટ અને આર્મ્સ એક્ટ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે. કોર્ટમાં રજૂ કરતા તેમના જામીન નામંજૂર થતા તમામ આરોપીઓને જેલહવાલે કરવામાં આવ્યા છે. ફરાર શિકારીઓને પકડવા ચક્રો ગતિમાન કરાયા



## વડોદરામાં દુમાડ ચોકડી પાસે હિટ એન્ડ રન, વૃદ્ધનું મોત


વડોદરા: શહેરના હાઈવે પર ફરી એકવાર રફતારનો કહેર જોવા મળ્યો છે. દુમાડ ચોકડી નજીક નેશનલ હાઈવે પર સર્જાયેલા હિટ એન્ડ રનના બનાવમાં એક અજાણ્યા ૬૦ વર્ષીય વૃદ્ધનું કરૂણ મોત નીપજ્યું છે. ઘટનાની વિગત એવી છે કે, નેશનલ હાઈવે નંબર ૪૮ પર તુલિપ હોટલ સામે એક વૃદ્ધ રોડ ક્રોસ કરવા માટે ડિવાઈડર પાસે ઉભા હતા. તે સમયે દુમાડ બ્રિજ તરફથી પૂરઝડપે અને ગફલતભરી રીતે આવી રહેલા એક અજાણ્યા વાહનચાલકે તેમને જોરદાર ટક્કર મારી હતી. ટક્કર એટલી ભયાનક હતી કે વૃદ્ધ હવામાં ફંગોળાઈને રોડ પર પટકાયા હતા. અકસ્માત સર્જીને વાહનચાલક માનવતા નેવે મૂકીને ત્યાંથી ફરાર થઈ ગયો હતો. સ્થાનિક ચાની લારી ચલાવતા નરેન્દ્રસિંહ ચૌહાણ અને અન્ય લોકોએ લોહીલુહાણ હાલતમાં પડેલા વૃદ્ધની વહારે આવી ૧૦૮ એમ્બ્યુલન્સ બોલાવી હતી. માથા અને નાકના ભાગે ગંભીર ઈજાઓ હોવાથી તેમને તાત્કાલિક સારવાર અર્થે સયાજી હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા, પરંતુ ટૂંકી સારવાર બાદ ફરજ પરના તબીબોએ તેમને મૃત જાહેર કર્યા હતા. મૃતકે કથ્થઈ શર્ટ અને ભૂરું પેન્ટ પહેરેલું હતું. સમા પોલીસે હાલ અજાણ્યા વાહનચાલક વિરુદ્ધ ગુનો નોંધીને હાઈવે પરના સીસીટીવી ફૂટેજના આધારે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.

**વડોદરા: દુમાડ ચોકડી પાસે હિટ એન્ડ રન, અજાણ્યા વાહનની ટક્કરે ૬૦ વર્ષીય વૃદ્ધનું કરૂણ મોત.**

**સમાચાર અને જાહેરાત માટે સંપર્ક કરો ૯૯૦૯૯૧૧૧૭૫**

## ચૂંટણી ફ્રોડ એલર્ટ: SIR ફોર્મ માટે OTP માંગતા કોલ્સથી સાવધ રહો નાગરિકો

વડોદરા: ગુજરાતમાં હાલ ચાલી રહેલી ચૂંટણીલક્ષી કામગીરીનો ગેરલાભ ઉઠાવીને ઠગબાજોએ લોકોને લૂંટવાનો નવો કીમિયો શોધ્યો છે. SIR (સ્પેશિયલ ઇન્વેસ્ટિગેશન રિપોર્ટ) ફોર્મ ભરનારા નાગરિકોને ટાર્ગેટ કરવામાં આવી રહ્યા છે. લોકોને અજાણ્યા નંબર પરથી ફોન આવે છે અને દાવો કરવામાં આવે છે કે તમારું ફોર્મ પ્રોસેસ કરવા OTP આપવો પડશે. પત્રકાર હુસેનભાઈ મુલતાનીએ લોકોને સતર્ક કર્યા છે કે આ એક સાયબર સ્કેમ છે. જો તમે ફોન પર OTP આપશો તો આર્થિક નુકસાન થઈ શકે છે. વેરિફિકેશન માટે હંમેશા રૂબરૂ ઓફિસ જવાનો આગ્રહ રાખો અથવા BLOને મળો. સાયબર સેલે પણ નાગરિકોને આવા કોલ્સથી ગભરાયા વગર પોલીસને જાણ કરવા અપીલ કરી છે.



## રાજકોટના ખેતલાબાપા મંદિરમાંથી બાવન જેટલા સેન્ડબુઆ સાપ મળી આવ્યા



રાજકોટ: ગ્રીનલેન્ડ ચોક નજીક આવેલા જાણીતા ખેતલાબાપા મંદિરમાં આસ્થા અને વન્યજીવ કાયદા વચ્ચેનો એક અનોખો કિસ્સો સામે આવ્યો છે. વન વિભાગની ટીમે બાતમીના આધારે મંદિરમાં તપાસ કરતા અધિકારીઓ પણ ચોંકી ઉઠ્યા હતા; મંદિર પરિસરમાંથી એક પછી એક એમ કુલ ૫૨ જેટલા દુર્લભ 'કોમન સેન્ડબુઆ' સાપ મળી આવ્યા હતા.
તપાસમાં જાણવા મળ્યું કે મંદિરના મહંત મનુભાઈ દુધરેજીયા, જેઓ સાપના જાણકાર છે, તેઓ ખેતલાબાપાને કુળદેવતા માનીને વર્ષોથી આ સાપોનું જતન કરતા હતા. સાપોના કુદરતી રહેઠાણને અનુકૂળ આવે તેવી ખાસ રેતીની વ્યવસ્થા પણ મંદિરમાં કરવામાં આવી હતી. વન વિભાગે સ્પષ્ટ કર્યું છે કે આ સાપો રાખવા પાછળ કોઈ તસ્કરી કે છેતરપિંડીનો ઈરાદો ન હતો, માત્ર ધાર્મિક આસ્થા કારણભૂત હતી.
જોકે, વાઈલ્ડ લાઈફ પ્રોટેક્શન એક્ટ-૧૯૭૨ હેઠળ વન્યજીવોને બંધક બનાવવું ગંભીર ગુનો હોવાથી, વન વિભાગે નિયમાનુસાર કાર્યવાહી કરી મહંતની અટકાયત કરી હતી અને બાદમાં નિવેદન નોંધી તેમને જામીન પર મુક્ત કર્યા હતા. જપ્ત કરાયેલા તમામ ૫૨ સાપોને હવે જંગલ વિસ્તારમાં મુક્ત કરવાની કામગીરી હાથ ધરાઈ છે. જિલ્લા વન અધિકારીએ નાગરિકોને અપીલ કરી છે કે શ્રદ્ધા કે શોખના નામે સાપ કે કાચબા જેવા વન્યજીવોને ઘરમાં કે મંદિરમાં કેદ ન રાખવા જોઈએ, અન્યથા કાયદાકીય પગલાં લેવાશે.

## પ્રેસ નોટ

**વિષય: ધાનપુર એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ કોર્ટમાં મરણ નોંધણી અંગે જાહેર નોટીસ**

ધાનપુર, તા. ૧૯/૧૧/૨૦૨૫: દાહોદ જિલ્લાના ધાનપુર તાલુકાના એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ શ્રી એન.જે. ગોમતીવાલની કોર્ટમાં જન્મ-મરણ અધિનિયમની કલમ ૧૩(૩) હેઠળ મોડી મરણ નોંધણી કરાવવા બાબતે કેસ નં. ૯૦/૨૦૨૫ દાખલ કરવામાં આવેલ છે.
આ કામના અરજદાર શ્રીમતી સુથાર સુમિત્રાબેન દીપસિંહ (રહે. નાકટી, તા. ધાનપુર, જી. દાહોદ) દ્વારા કરવામાં આવેલ અરજી અને સોગંદનામા મુજબ, તેમના માતા સ્વ. સુથાર સતુરીબેન દીપસિંહ નું અવસાન તારીખ ૧૬-૦૩-૨૦૧૪ ના રોજ નાકટી મુકામે તેમના નિવાસ સ્થાને થયેલ હતું. સદર મરણની નોંધણી તે સમયે સ્થાનિક તલાટી કમ મંત્રીશ્રીના જન્મ-મરણ રજીસ્ટરમાં કરાવેલ ન હોવાથી, હાલમાં મરણના દાખલાની જરૂરિયાત ઊભી થતાં આ અરજી કરવામાં આવી છે.
આથી, લાગતા વળગતા તમામ ઈસમોને આ જાહેર નોટીસ દ્વારા જણાવવામાં આવે છે કે, ઉપરોક્ત મરણની નોંધણી બાબતે કોઈને પણ વાંધો, વિરોધ કે તકરાર હોય તો આજથી દિન-૩૦ (ત્રીસ) માં અત્રેની કોર્ટમાં જાતે અથવા વકીલશ્રી મારફતે હાજર રહી રજૂઆત કરવી.

જો નિયત સમયમર્યાદામાં કોઈ વાંધો રજૂ કરવામાં નહીં આવે, તો અરજદારની અરજી બાબતે નામદાર કોર્ટ દ્વારા યોગ્ય હુકમ કરવામાં આવશે, જેની નોંધ લેવી.

**એન.જે. ગોમતીવાલ એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ, ધાનપુર.**

**અહેવાલ: ધર્મેન્દ્ર બારીઆ દાહોદ**

## પાદરા નજીક એક્સપ્રેસવે પર માર્ગસમારકામ દરમિયાન બે શ્રમિકનાં મોત

વડોદરા જિલ્લાના પાદરા તાલુકાના સરસવણી ગામ નજીક દિલ્હી-□□□ൈൈബ એક્સપ્રેસ વે પર બુધવારે સવારે બનેલી દુર્ઘટનામાં બે મજૂરોના મોત થતાં શોકનો માહોલ સર્જાયો હતો. હાઈવે પર ચાલુ સમારકામની કામગીરી માટે સવારે 8:30થી પાંચ મજૂરો પોતાના દિનચર્યાના કામ માટે સાઇટ પર હાજર હુએ હતા. બેરિકેડિંગ, ચેતવણી બોર્ડ અને સેફ્ટી ગિયર સાથે ટીમ કાર્યરત હતી ત્યારે ભરૂચ તરફ જતી XUV 700 કાર અચાનક નિયંત્રણ ગુમાવી બેરિકેડિંગને ચીરી મજૂરો તરફ ઘૂસી આવી. કારની જોરદાર ટક્કરથી દિલીપ દહિયા અને મનોજ કુમાર નામના બે મધ્યપ્રદેશના મજૂરો ગંભીર રીતે ઘાયલ થયા હતા. એમ્બ્યુલન્સ દ્વારા તેમને તાત્કાલિક પાદરા CHC ખાતે લઈ જવામાં આવ્યા પરંતુ સારવાર દરમિયાન બંનેને મૃત જાહેર કરવામાં આવ્યા. ટીમના અન્ય ત્રણ મજૂરો અડફેટે આવ્યા વગર બચી ગયા. મજૂર સાગર પ્રજાપતિએ જણાવ્યું કે તે લોકો રોજની જેમ રોડ મેન્ટેનન્સનું કાર્ય શરૂ કરવા માટે સમયસર સાઇટ પર પહોંચ્યા હતા અને તમામ સેફ્ટી સાધનોનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. તેમ છતાં સવારે લગભગ 9 વાગ્યે ફુલ સ્પીડમાં આવેલી કાર સીધી બેરિકેડિંગમાં પ્રવેશી ગઈ હતી. ઘટનાથી ચકચારી ફેલાઈ ગઈ અને નજીકમાં કામ કરતા અન્ય લોકો પણ સ્થળ તરફ દોડી આવ્યા. મૃતક મજૂરોના પરિવારજનો પાદરા પહોંચતાં આક્રોશ છલકાયો હતો. હાઈવે પર સમારકામ ચાલી રહ્યું હોવા છતાં વાહનચાલકો દ્વારા ઝડપનું પાલન ન થવું અને અવગણના કરવી જેવી બાબતો ફરી એકવાર ચર્ચામાં આવી છે. મૃતકોના મૃતદેહ પોસ્ટમોર્ટમ માટે મોકલવામાં આવ્યા છે અને ઘટનાની વાસ્તવિક પરિસ્થિતિ અંગે તંત્ર વધુ માહિતી એકત્ર કરી રહ્યું છે.



## વડોદરા જિલ્લામાં અનેક લોકો સામે પ્રોહિબિશન હેઠળ કાર્યવાહી

વડોદરા જિલ્લાના વિવિધ પોલીસ સ્ટેશનોમાં પ્રોહિબિશન કાયદા હેઠળ મોટી સંખ્યામાં કેસો નોંધાયા છે. વાઘોડિયા, વાડુ, કરજન, શિનોર, ડભોઈ, જરોડ, પાદરા, ભાદરવા, દેશર, ચાણોદ, સાવલી, વર્ણામા અને વડોદરા તાલુકા પી.એસ.માં દેશી દારૂ રાખવા, વહન કરવા અથવા નશામાં મળવા અંગે અનેક વ્યક્તિઓ સામે કેસ દાખલ કરાયા. અનેક સ્થળોએ IMFL અને country liquor મળતા વધુ કાર્યવાહી પણ હાથ ધરાઈ. જિલ્લામાં પ્રોહિબિશન સંબંધિત કેસો સતત વધતા જોવા મળી રહ્યા છે.

## વડોદરા: ઓપરેશન પરાક્રમમાં વોન્ટેડ બુટલેગર ઝડપાયો

છોટાઉદેપુરના સંખેડા પોલીસ મથકમાં નોંધાયેલા પ્રોહિબિશનના ગુનામાં સંડોવાયેલા અને લાંબા સમયથી નાસતા ફરતા આરોપીને વડોદરા ગ્રામ્ય પોલીસે ઝડપી લીધો છે. એસપી સુશિલ અગ્રવાલના નેતૃત્વમાં ચાલી રહેલા 'ઓપરેશન પરાક્રમ' અંતર્ગત પેરોલ-ફર્લો સ્કવોર્ડને મળેલી બાતમીના આધારે વાઘોડિયાના આમોદર બસ સ્ટેન્ડ વોચ ગોઠવાઈ હતી. અહીંથી વિનોદ ભગવાનભાઈ વસાવાની અટકાયત કરવામાં આવી છે. આરોપી ગુનો નોંધાયા બાદ પોલીસ પકડથી દૂર હતો, જેને હવે કાયદેસરની કાર્યવાહી માટે વાઘોડિયા પોલીસને સોંપવામાં આવ્યો છે.

## સાબરમતી જેલમાં અટકાયત કેદીઓ વચ્ચે મારામારી ઘટના

સાબરમતી જેલમાં કાચા કામની બેરેકમાં રાખાયેલા ISIS સંત્રી અહેમદ સૈયદ પર ત્રણ અન્ય કેદીઓએ હુમલો કર્યો હતો. અહેમદ અને કેદી અનિલ ખુમાણ, શિવમ વર્મા તથા અંકિત વચ્ચે બોલાચાલી બાદ ઝઘડો થયો અને ત્રણેયે ફેંટોથી માર માર્યો હોવાનો આક્ષેપ છે. ઘટનામાં અહેમદને આંખ, મોઢા સહિત શરીરના ભાગે ઇજા થતાં તેને સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખસેડાયો હતો. પરિસ્થિતિ અંગે અહેમદ સૈય્યદે ફરિયાદ નોંધાવતા ત્રણેય સામે ગુનો દાખલ થયો છે. જેલ પ્રબંધન ઘટનાના સીસાવવાનો પ્રયાસ કરી રહ્યું છે અને કેદીઓ પાસેથી વધુ વિગતો મેળવવા પૂછપરછ ચાલુ રાખી છે.

## કંગના રનૌત ગીર સફારીમાં સિંહ દર્શનથી મંત્રમુગ્ધ

છોટાઉદેપુરના સંખેડા પોલીસ મથકમાં નોંધાયેલા પ્રોહિબિશનના ગુનામાં સંડોવાયેલા અને લાંબા સમયથી નાસતા ફરતા આરોપીને વડોદરા ગ્રામ્ય પોલીસે ઝડપી લીધો છે. એસપી સુશિલ અગ્રવાલના નેતૃત્વમાં ચાલી રહેલા 'ઓપરેશન પરાક્રમ' અંતર્ગત પેરોલ-ફર્લો સ્કવોર્ડને મળેલી બાતમીના આધારે વાઘોડિયાના આમોદર બસ સ્ટેન્ડ વોચ ગોઠવાઈ હતી. અહીંથી વિનોદ ભગવાનભાઈ વસાવાની અટકાયત કરવામાં આવી છે. આરોપી ગુનો નોંધાયા બાદ પોલીસ પકડથી દૂર હતો, જેને હવે કાયદેસરની કાર્યવાહી માટે વાઘોડિયા પોલીસને સોંપવામાં આવ્યો છે.

## સાયબર સ્લેવરી રેકેટનો સૂત્રધાર નીલેશ પુરોહિત ઝડપાયો

ગુજરાત સાયબર સેન્ટર ફોર એક્સેલન્સને મોટી સફળતા મળી છે, જેમાં મ્યાનમારના KK પાર્ક અને કમ્બોડિયા સ્થિત ચાઇનીઝ સાયબર માફિયાને યુવાનો સપ્લાય કરતો મુખ્ય એજન્ટ નીલેશ પુરોહિત ઉર્ફે 'નીલ'ને ગાંધીનગરમાંથી ઝડપાયો. તેની ધરપકડ બાદ બે સાથીદારો તેમજ અન્ય બે આરોપીઓ પકડાયા છે, જ્યારે નીલના 14 દિવસના રિમાન્ડ મંજૂર થયા છે. તપાસમાં જાણવા મળ્યું છે કે આરોપી 126થી વધુ સબ-એજન્ટો અને 30 પાકિસ્તાની એજન્ટોના સંપર્કમાં રહી ભારત સહિત 11 દેશોના 500થી વધુ નાગરિકોને સાયબર સ્લેવરી કેમ્પ સુધી પહોંચાડી ચૂક્યો હતો. ઉપરાંત 1000થી વધુ લોકોને મોકલવાની ડીલ પણ થઈ હતી. આરોપી દુબઈ, લાઓસ, થાઈલેન્ડ, મ્યાનમાર અને ઇરાન પ્રવાસ કરી નેટવર્ક સંચાલિત કરતો હતો.

**સમાચાર અને જાહેરાત માટે સંપર્ક કરો ૯૯૦૯૯૧૧૧૭૫**

## ટ્રાફિક નિયમ તોડવાના કિસ્સાઓ સતત વધી રહ્યા

વડોદરા જિલ્લાના વિવિધ વિસ્તારોમાં ટ્રાફિક અને નોટિફિકેશન સંબંધિત નાની પરંતુ જોખમકારક ઉલ્લંઘનો સામે આવ્યા છે. વડુ વિસ્તારમાં જનકભાઈ ચૌહાને પોતાની CNG રિક્ષા રસ્તા પર જ પાર્ક કરી દેતાં અવરજવરમાં અવરોધ સર્જાયો હતો. ડભોઈ ખાતે લાલાભાઈ ભેવડ દ્વારા ટાટા ACE ટેમ્પો ચાણોદ ફાટક નજીક અયોગ્ય રીતે ઉભો રાખવામાં આવ્યો હતો.


વર્ણામા વિસ્તારમાં NH-48 પર અનેક જોખમભર્યા ઉલ્લંઘનો જોવા મળ્યા. ત્રણચક્રી, ચ્હોટા હાથી અને ટેમ્પો વાહનોને ખતરનાક રીતે પાર્ક કરાયેલા અથવા ખોટી દિશામાં દોડાવતા જોવા મળ્યા. ખાસ કરીને ચ્હોટા હાથીમાંથી ચાર ફૂટ બહાર નીકળતા પાઈપોએ અકસ્માતની શક્યતા વધારી હતી.

સાથે જ બાબુભાઈ પટનવાડિયાએ ભાડુઆતનું રજીસ્ટ્રેશન ન કરતાં નોટિફિકેશન ઉલ્લંઘનનો કેસ પણ નોંધાયો છે.

## મંજૂસાર વિસ્તારમાં ટ્રાફિક અને નોટિફિકેશન ઉલ્લંઘનો સામે આવ્યા


વડોદરા જિલ્લાના મંજૂસાર વિસ્તારમાં ટ્રાફિક શિસ્ત અને નોટિફિકેશન પાલન સંબંધિત બેદરકારીના ત્રણ અલગ બનાવો સામે આવ્યા છે. પ્રથમ બે કેસોમાં જાહેર માર્ગ પર પાર્કિંગની બેદરકારીથી વાહનવ્યવહાર અવરોધાયો હતો. સચિનકુમાર મકવાનાએ પોતાની GJ-06-BU-7145 નંબરની રિક્ષા રસ્તા પર જ પાર્ક કરી દેતાં મુસાફરો અને અન્ય વાહનચાલકોને મુશ્કેલી પડી હતી. તે જ રીતે દિનેશભાઈ ગોહિલે GJ-06-BW-7033 નંબરની રિક્ષા અનિયંત્રિત રીતે ઉભી રાખતાં અવરજવરમાં ખલેલ પહોંચ્યો હતો. બે સ્થળોએ થયેલા આ જોખમકારક પાર્કિંગને કારણે માર્ગ સુરક્ષા અંગે ચર્ચા સર્જાઈ છે.

આ ઉપરાંત નોટિફિકેશન ઉલ્લંઘનનો પણ એક કેસ નોંધાયો છે. ભવેશભાઈ નાઈ દ્વારા સંચાલિત સુરક્ષા એજન્સીએ પોતાના સુરક્ષા ગાર્ડ્સની ફરજ શરૂ કરતાં પહેલાં તેમની વિગતો પોલીસ સ્ટેશનમાં નોંધાવવી ફરજિયાત




હોવા છતાં રજીસ્ટ્રેશન કરવામાં આવ્યું ન હતું. સુરક્ષા કર્મચારીઓનો રેકોર્ડ ન હોવું વિસ્તારની સલામતી વ્યવસ્થાને અસર કરતી બેદરકારી માનવામાં આવી રહી છે. મંજૂસાર વિસ્તારમાં વારંવાર થતા નાના પરંતુ અસરકારક નિયમ ઉલ્લંઘનોને કારણે ટ્રાફિક વ્યવસ્થા અને સુરક્ષા પ્રણાલીને વધુ સજાગ અને જવાબદાર બનાવવાની જરૂરિયાત સ્થાનિકોમાં અનુભવી રહી છે.

## જિલ્લામાં નશામાં વાહન ચલાવવાના અનેક કેસ સામે




વડોદરા જિલ્લાના વિવિધ વિસ્તારોમાં નશાની હાલતમાં વાહન ચલાવવાના અનેક બનાવો સામે આવતાં માર્ગ સલામતી અંગે ચિંતા વધી છે. વડુ વિસ્તારમાં જીગરકુમાર જોશી (Hero Splendor GJ-06-NQ-6590) અને મહેશભાઈ સોલંકી (Honda Shine GJ-07-FB-5840) બાઇક નશામાં હંકારતા જોવા મળ્યા.

ડભોઈમાં કિરણકુમાર વસાવા શંકાસ્પદ રીતે છુપાયેલા મળ્યા હતા અને તેમના વર્તનમાં નશાનો અણસાર જોવા મળ્યો. ચાણોદ વિસ્તારમાં લક્ષ્મણભાઈ રઠોડિયા (Bolero Pickup GJ-06-V-8953) તેમજ રાહુલકુમાર રાઠવા (Pulsar GJ-30-E-7482) નશામાં વાહન ચલાવતા ઝડપાયા. વર્ણામા વિસ્તારમાં જગદીશભાઈ ઠાકોર (Bajaj Discover GJ-06-DP-0901) અને મંજૂસાર વિસ્તારમાં સચિનભાઈ સોલંકી (Hero Splendor GJ-06-QJ-1828) તથા યુસુફભાઈ રાણા (Hero Splendor GJ-23-DR-8415) નશાની હાલતમાં વાહન ચલાવતા જોવા મળ્યા.

આ બનાવો રસ્તા પર વધતી બેદરકારી અને સાવચેતીની તાતી જરૂરિયાત દર્શાવે છે.

## ધાનપુર: કૂવામાં પડેલા દીપડાનું દિલધડક રેસ્ક્યુ

દાહોદ જિલ્લાના ધાનપુર તાલુકાના નાકટી ગામમાંથી એક દિલધડક રેસ્ક્યુ ઓપરેશન સામે આવ્યું છે. મોતીભાઈ ડાયરાના કૂવામાં 15 નવેમ્બર મધરાતે એક દીપડો પડ્યો હતો. શિકારની શોધમાં અથવા અકસ્માતે ખાબકેલા આ દીપડાને બહાર કાઢવા વન વિભાગને ત્રણ દિવસ સુધી જહેમત ઉઠાવવી પડી. ગામજનોની જાણ બાદ ટીમ કૂવા સુધી પહોંચી, પરંતુ દીપડો કૂવાની દિવાલમાં આવેલી ઊંડી બખોલમાં છુપાઈ ગયો હતો, જેના કારણે સામાન્ય રીતે પાંજરું મૂકી બચાવ મુશ્કેલ બન્યો. વનકર્મીઓએ વાંસ પર મોબાઈલ બાંધી અંદરની સ્થિતિ જાણવાનો પ્રયાસ કર્યો, જેમાં દીપડો બખોલમાં બેઠેલો દેખાયો. તેને બહાર ખેંચવા માટે પાંજરામાં મરઘી મૂકી અને કૂવામાં લાકડાની સીડી પણ ઉતારવામાં આવી, છતાં દીપડો બહાર ન આવ્યો. ત્યારબાદ 18 નવેમ્બર સવારે ઓપરેશનને નવી દિશા અપાઈ. બારિયા અને ધાનપુર રેન્જના અંદાજે 70 જેટલા કર્મચારીઓ સ્થળે ખડકી દેવાયા. કૂવામાં સુરક્ષા નેટ મૂકાઈ અને એક સાહસિક કર્મચારી પાંજરામાં બેસીને નીચે ઉતર્યો. લાકડાં અને પરાય વડે બખોલનો ભાગ તોડતા દીપડો બહાર આવ્યો અને કૂવામાં કૂદી પડ્યો. ડરના માર્યે તે ફરી બખોલ તરફ જતો હતો, ત્યારે ઉપરથી વાંસ વડે હાંકી પાંજરામાં દોરવામાં આવ્યો. અંતે દીપડો સુરક્ષિત રીતે કાબૂમાં લેવાયો.

આ કામગીરી નાયબ વન સંરક્ષક પ્રિયાંક પટેલ અને મદદનીશ વન સંરક્ષક મિતેષકુમાર પટેલના માર્ગદર્શન હેઠળ સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવી. RFO ઉપેન્દ્રસિંહ રાઉલજી અને સ્થાનિક ગ્રામજનોની મદદથી દીપડાને પુનઃ જંગલમાં છોડવાની કાર્યવાહી હાથ ધરાઈ રહી છે.



## વડોદરા: કપુરાઈમાં ગેરેજ પાસે 13.75 કિલો ગાંજાના છોડ જપ્ત

વડોદરા શહેરમાં નશીલા પદાર્થોની પ્રવૃત્તિઓ અટકાવવાની ઝુંબેશ અંતર્ગત કપુરાઈ પોલીસે મોટી કાર્યવાહી કરી છે. પોલીસ ઇન્સ્પેક્ટર શ્રી ડી.સી. રાઓલની સૂચનાના આધારે, ટીમે નેશનલ હાઇવે-48 પર, શ્રી સાવરિયા ઢાબા પાસેના એક ઓપન ગેરેજમાં દરોડો પાડ્યો હતો. ગેરેજની ખુલ્લી જગ્યામાં ગાંજાના છોડનું વાવેતર કરીને તેની માવજત કરતા વિજયકુમાર દુંખીરામ ગૌતમ, કુલદીપ શેરસિંગ જટાન અને એક કિશોર સહિત ત્રણ ઇસમોની ધરપકડ કરવામાં આવી છે. પોલીસે કુલ 13.750 કિલોગ્રામ ગાંજો અને મોબાઈલ સહિત ₹7,00,500/-નો મુદ્દામાલ જપ્ત કર્યો છે.

## કરવન ગામે ઝેરી દવા પીવાથી વૃદ્ધનું મોત

ડભોઈ તાલુકાના કરવન ગામમાં 65 વર્ષની વયના આતુલભાઈ હીરાભાઈ પટેલના દુખદ અવસાનની ઘટના સામે આવી છે. 17 નવેમ્બર 2025ના રોજ ઘરે રાખેલી ખેતરમાં ઉપયોગ થતી ઝેરી દવાનો સેવન થતાં તેમની તબિયત બગડી ગઈ હતી. પરિવારજનો દ્વારા તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલ ખસેડાયા, પરંતુ સારવાર દરમિયાન તેમનું અવસાન થયું. આ ઘટનાથી ગામમાં શોકનું વાતાવરણ છવાયું છે. ખેતરમાં વપરાતી ઝેરી દવાઓ ઘરમાં સાવચેતીથી રાખવાની આવશ્યકતા અંગે ચર્ચા પણ ઉઠી છે.

## ચાણોદમાં ખુલ્લા મેદાનમાંથી દારૂનો મોટો જથ્થો જપ્ત

વડોદરા જિલ્લાના ચાણોદ વિસ્તારમાં વિદેશી દારૂની મોટી ચોરીછૂપી સાક્ષાત્કાર થઈ છે. વડિયા–પિપલિયા ગામ નજીક ખુલ્લા મેદાનમાં રાખવામાં આવેલા વિદેશી દારૂના જથ્થા પર કાર્યવાહી દરમ્યાન કુલ 1,074 બોટલ મળી આવી હતી, જેની કિંમત ₹3,94,350 જેટલી અંદાજવામાં આવી છે. સાથે 8 વિમલના થેલાં પણ મળી આવ્યા હતા. આ જથ્થા મામલે સુરેશભાઈ વેંચલાભાઈ દુન્ગરા ભીલ અને એક અજાણ વ્યક્તિની સંડોવણીનો પ્રાથમિક શંકા વ્યક્ત થયો છે. સ્થાનિક સ્તરે દારૂના છુપાયેલા જથ્થા મળી આવવાથી ગ્રામ્ય વિસ્તારોમાં દારૂચોરી નેટવર્ક અંગે ફરી ચર્ચા જાગી છે.

## વડોદરામાં ફેક કસ્ટમર સપોર્ટ ઠગાઈ કાંડ બહાર

વડોદરા તાલુકામાં નિવૃત્ત બેંક મેનેજર સાથે ફેક કસ્ટમર સપોર્ટના નામે મોટી સાઇબર છેતરપિંડી સામે આવી છે. ગોત્રી–સેવાસી રોડ પર રહેતા શ્રીનિવાસન અય્યરને આરોપી રહુલસિંહે WhatsApp મારફતે સંપર્ક કરી તેમના ડોર્મન્ટ બેંક અકાઉન્ટને સક્રિય કરાવવા મદદ કરવાની વાત કરી હતી. બાદમાં તેણે એક APK લિંક મોકલી, જેને ઇન્સ્ટોલ કરતા તેમની મોબાઇલ ઍક્સેસ ઠગના હાથમાં પહોંચી ગઈ. થોડા જ સમયમાં ઇન્ડિયન બેંકના તેમના ખાતામાંથી વિવિધ ટ્રાન્ઝેક્શન મારફતે કુલ ₹2,55,979 ઉપાડી લેવાયા હતા. ફેક ટેક-સપોર્ટના કિસ્સાઓ વધતા સતર્કતા જરૂરી બની છે.

## સાવલીમાં બેફામ ST બસ ચાલકથી જાનહાનિ

સાવલી તાલુકાની સરદારનગર સોસાયટી પાસે 17 નવેમ્બર 2025ના રોજ બનેલી દુર્ઘટનામાં એક વ્યક્તિનું મોત થયું છે. મેવલી ગામની સુમિત્રાબેન ચૌહાનના જણાવ્યા મુજબ, GJ-18-Z-3596 નંબરની એસ.ટી. બસના ચાલકે બેફામ રીતે બસ હંકારતાં તેમના પતિ ધર્મેન્દ્રસિંહ ઠાકરસિંહ ચૌહાનને ટક્કર મારી હતી. અકસ્માત એટલો ઉગ્ર હતો કે તેમને ગંભીર ઇજા થઈ અને ઘટનાસ્થળે તેમનું અવસાન થયું. સ્થળીયોમાં શોકની લાગણી વ્યાપી છે અને બેદરકારીથી વાહન હંકારવાના બનાવો પર ફરી ચર્ચા શરૂ થઈ છે.

સમાચાર અને જાહેરાત માટે સંપર્ક કરો ૯૯૦૯૯૧૧૧૭૫